

# અર્હદ્ પ્રેરણા પત્ર

❖ વર્ષ : 32 ❖ અંક : 4 ❖ S.No. : 480
❖ તા.16-7-2025 ❖ જુલાઈ
છૂટક નકલ : રૂ. 6/-

# માનસમંદિરમ્ તીર્થે શાસન પ્રભાવક દીક્ષા મહોત્સવ



તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 32 ❖ અંક : 4
S.No. : 480 ❖ વિ.સં.2081
તા.16-7-2025 ❖ જુલાઈ

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
**અમદાવાદ**

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ.**





## પ્રાર્થના

હે ત્રિલોકના નાથ ! પરમગુરુ પરમાત્મા ! જીવનમાં સતત સ્પૃહાઓ કરી, નિરર્થક ઈચ્છાઓ કરી, અપેક્ષાઓ કરી, તેથી જીવનને સતત સંક્લેશો, ક્લેશ અને ચિંતાઓના કાદવથી ભરતો રહ્યો, સતત આર્તધ્યાન, ક્યારેક રૌદ્રધ્યાનથી શાન્તિ અને સમાધિને સાવ ખોઈ બેઠો છું.

હે કરુણાસાગર ! સતત દુષ્ટભાવોથી મારું હૃદય, મારું અંતર વલોવાઈ રહ્યું છે, રડી રહ્યું છે ! તને હું એટલી જ પ્રાર્થના કરવા આવ્યો છું કે, હે દીનદયાલ ! તું મારા અંતરમાં આવીને બેસ, હૃદયમાં આવીને વસ ! તેથી મને બસ !

મને ખાત્રી છે, કે હે પરમશક્તિ ! તારા અસ્તિત્વ માત્રથી મારી ઈચ્છાઓ, કામનાઓ ધીમે ધીમે પ્રશસ્ત બનશે અને તે પણ ધીમે ધીમે તારી કૃપાથી ખતમ થઈ જશે. પ્રભુ તારા પ્રભાવથી મને કોઈ ઈચ્છાઓ જ ન થાઓ એવી એક અંતિમ ઈચ્છા છે.

'પરસ્પૃહા મહાદુઃખં' ક્યારેક વાંચેલું આ વાક્ય મને સચ સચ લાગી રહ્યું છે. તેનાથી ઘણું દુઃખ પામ્યો છું. જીવનમાં ઘણા સારા પણ કાર્યો પ્રભુ મેં કર્યા છે છતાં પણ આ સ્પૃહા નામની ડાકણે મને ક્યારેય યશ કે કીર્તિ ન લેવા દીધી ઉલટું અપયશના પોટલા જ માથે ઝીંકાયા છે. પ્રભુ હવે હું થાક્યો છું, સાવધાન બન્યો છું, પ્લીઝ ! હેલ્પ મી આ બધાને મારે કાઢવા છે !

## સંવેદના

કોન્ફિડન્સ એટલે, આત્મવિશ્વાસ તે સારો છે પણ ઑવર કૉન્ફિડન્સ સારો નથી.

માતા–પિતાએ બાળકોના ઉછેરમાં આ વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. બાળક તમારી ભાષા સમજતું થાય ત્યાર બાદ તેનો આત્મવિશ્વાસ વધારવા પ્રયત્ન કરવો, તોડવા નહિ. તેની કશુંક કરવાની માંગણી, કંઈક કરવાની ઈચ્છા, પ્રવૃત્તિ વગેરેને ઉડાવી દેવા નહિ. જેમ કે,

તને ના આવડે ! તું નાનો છે ! તું ના કરી શકે. બેટા ! તું બાજુ ખસ, તારું કામ નથી ! તમારી આ ભાષા તેના કોન્સિયસ માઈંડ મારફત સબ–કોન્સિયસ માઈંડમાં લોડ થતી જાય છે. તેને દર વખતે ઈગો સ્ટેટ હટ થતો જાય છે. તેનાથી ધીરે ધીરે પોતાનો આત્મવિશ્વાસ ગુમાવતો જાય છે.

પછી, તે મોટો થતાં પુરુષાર્થના વખતે શંકાશીલ બને છે. જેમ કે, આમાં આપણું કામ નથી ! હું આમાં શું કરું ? તે સાહસ કરતાં અટકે છે. વળી તેને ઑવર કૉન્ફિડન્સથી પણ રોકવો એ માટે પેલા સસલા અને કાચબાની વાર્તા કહેવી. સમર્થ છતાં સસલું કેમ હારી ગયું ? ઑવર કોન્ફિડન્સ ! સતત કાર્યશીલ કાચબો ફાવી ગયો.

આત્મ વિશ્વાસને ડેવલપ કરો વધુ પડતા વિશ્વાસ (ઑવર કોન્ફીડન્સ)થી દૂર રહો.



**હેમસૂત્ર** **જેઓ શક્તિ અને સામર્થ્ય છતાં શ્રીસંઘ ભક્તિ કે શાસનભક્તિ નથી કરતા તેઓની શક્તિઓ હણાઈ જાય છે. અંતે વિરાધક બને છે.**

## વિવેક :

તત્ત્વ શું અને અતત્ત્વ શું તેનું જ્ઞાન તે વિવેક છે. તેનાથી અતત્ત્વને છોડવું તત્ત્વને આદરવું તે વિવેક કર્યો કહેવાય. તે રીતે શુભાશુભનું જ્ઞાન સાથે અશુભનો ત્યાગ શુભનો આદર તે **વિવેક.**

કહેવાય કે, રાજા વિવેકી હોય. પ્રજામાં બધાને એક લાકડી હાંકે નહિ. તે સજ્જનોને માન-સન્માન આપે અને દુર્જનોનો નિગ્રહ કરે તે પ્રજાપાલ રાજા બની શકે. આ રાજાનો વિવેક કહેવાય. પણ રાજા દુર્જનોને સાચવે અને સજ્જનો સીદાતા હોય એવો અવિવેકી રાજા કેટલો ટકે ?

શાસ્ત્રીય ભાષામાં જીવમાં વિવેક નામનો ગુણ ચરમાવર્તમાં જીવ આવે પછી આવવા લાગે છે. સમ્યગ્ દર્શન થતાં તે પૂર્ણરૂપે ખીલે છે. દેશવિરતિ તથા સર્વવિરતિ ગુણઠાણે સંપૂર્ણ વિવેક હોય છે. અન્ય કર્મોના કાતિલ ઉદયથી કદાચ આ ગુણ ઢંકાઈ જાય તેવું બને !

કહે છે, દેવલોકના ૬૪ ઈન્દ્રો વિવેકી હોય છે. એટલે તો ઈન્દ્રો જે રીતે પ્રભુની ભક્તિ કરે છે તેની કોપી કરી આપણે પણ જિનભક્તિ કરીએ છીએ. કેમ ? તો ઈન્દ્રો વિવેકી છે. સમકિતી છે તેઓ ભૂલ ન કરે એટલે તેમની કોપી કરવામાં ભાવિમાં પછતાવું ન પડે. ધર્મની બાબતમાં આચાર્ય ભગવંતોને કેમ પૂછવાનું ? તો તેઓ જ્ઞાની છે સાથે વિવેકી છે. એકલા જ્ઞાની કામ ન લાગે સાથે મર્યાદાવાળા વિવેકી જોઈએ. શાસ્ત્રાર્થને વર્તમાનકાળમાં મૂલવી અજ્ઞાન અને મોહગ્રસ્ત લોકોને સાચો રસ્તો બતાડી શકે.

સહજ વિવેક હોવો તે આપણી એક આંખ સમાન છે અને વિવેકી સાથે રહેવું તે બીજી આંખ છે. આ બે જેની પાસે નથી તે આંધળો કહ્યો છે. ગમે ત્યારે ખાડામાં પડે કે ઉન્માર્ગે ચાલી જાય.

ચરમાવર્તમાં માણસને વિવેક હોતો નથી. તેની પાસે ઈન્દ્રિયો કે મનનો કંટ્રોલ હોતો નથી. જેમ મનમાં આવે તેમ વર્તે. ઘણીવાર રાત-દિવસના પણ ભેદ ભૂલી જાય. રાત્રે ખાવું તે પાપ તો છે જ સાથે વિવેક વિનાનું છે. માણસે રાત્રે શા માટે ખાવું પડે ? સજ્જનોની તમામ પ્રવૃત્તિ માત્ર દિવસ દરમિયાનની હોય છે. રાત્રિ નિંદ્રા માટે છે. યોગીઓ માટે રાત્રિ સાધના માટે છે. જ્યારે ચોર-લુંટારૂઓ માટે રાત્રિ ધંધા અને વેપાર માટે છે. બધે જ વિવેક મૂક્યો છે. ચોર જો દિવસે ધંધો કરે તો અવિવેકી કહેવાય અને સજ્જન વેપારી રાત્રે ધંધો કરે તો અવિવેકી કહેવાય.

આત્મભાવ અને અનાત્મભાવની વહેંચણી અંતરમાં રહેલો વિવેકગુણ કરે છે. જે મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરવું-કરાવવું કે અનુમોદવું આ આત્મહિત માટે કરાય તો તે વિવેક કહેવાય. આત્મભાવ કહેવાય. પરંતુ જે પ્રવૃત્તિ આત્મહિત વિરોધી હોય તે અનાત્મભાવ છે. તે છોડવા જેવી છે. વિવેકનો એક અર્થ છોડવું તેવો પણ છે. વિવેક કરવો એટલે જે વસ્તુ હેય છે તે છોડવી તે વિવેક !

સંપત્તિની સાથે વિવેક જોઈશે. નહિ તો સંપત્તિનો દુરુપયોગ પાપ ક્રિયાઓ કરાવી દુર્ગતિમાં લઈ જશે. વિવેકવાળો સંપત્તિનો સદ્ઉપયોગ કરશે. તેથી સંવર આવે એટલે ધર્મ થાય. શુભ કર્મબંધ થતાં સદ્ગતિ થાય. માટે પ્રભુ પાસે સંપત્તિ સાથે વિવેક માંગ્યો. સદ્બુદ્ધિ



વિના સંપત્તિ ડૂબાડે તેમ વિવેક વિના સંપત્તિ ડૂબાડે.

તેમ, બુદ્ધિ ઘણી હોય પણ વિવેક ના હોય તો પરિણામ શું ? માટે તો વિવેકબુદ્ધિ માંગી બુદ્ધિ પણ વિવેકપૂર્વકની મળજો. અભયકુમારે પોતાની બુદ્ધિનો ઉપયોગ આત્મહિતકારી પ્રવૃત્તિઓમાં કર્યો. ક્યાંય બુદ્ધિમાં ઠગાયા નથી.

ભગવાન સુધર્મા સ્વામીએ એક ભિખારીને દીક્ષા આપી. ગામ આખું ભગવાનની નિંદા કરવા લાગ્યું. ગામવાળા લોકોએ વિવેક ખોયો. દીક્ષા આપવી - ન આપવી તે આચાર્યનો વિષય છે. પણ બધે દોઢડાહ્યા હોય છે. પોતાનો અભિપ્રાય આપવામાં જરાય વિચારે નહિ. વળી વિવેક તો છાંટો પણ ન હોય અને મોટા જ્ઞાનીઓની



ભૂલો કાઢવા બેસી જાય.

પોતાની નગરમાં નિંદા થતી જાણી ભ. સુધર્માસ્વામીએ નગરમાંથી વિહાર કરવાની ઘોષણા કરી. સાધુઓ તૈયાર થવા લાગ્યા. અભયકુમાર મંત્રીશ્વરને ખબર પડી. દોડતા આવ્યા. વાત જાણી ભગવંતને કહ્યું, મને બે દિવસ આપો. બધું સારું થઈ જશે.

મંત્રીએ બીજા દિવસે ગામના ચોકમાં હીરા-મણી-માણેકના ઢગલા કરાવ્યા અને નગરમાં જાહેરાત કરાવી - ઢંઢેરો પીટાવ્યો કે, જેણે આ ઝવેરાત લેવું હોય તે ચોકમાં આવે. મંત્રીશ્વર પધાર્યા. ઝવેરાત કોને ન જોઈએ ? મંત્રીશ્વરે જાહેરાત કરી કે, જે જિંદગી સુધી કાચાપાણીને સ્પર્શે નહિ, અગ્નિનો ઉપયોગ કરે નહિ, સ્ત્રીનો સંગ કરે નહિ. તેવાને આ ઝવેરાત મંત્રી ભેટ આપશે.

સભામાં સોપો પડી ગયો. કોઈ આગળ ન આવ્યું. ત્યારે મંત્રીશ્વરે બધાને કહ્યું, કે આ કિંમતી ઝવેરાત મળવા છતાં તમે અગ્નિ-પાણી અને સ્ત્રી છોડવા તૈયાર નથી. તો જેણે આ ચીજો જિંદગીભર છોડી છે તેની નિંદા શા માટે કરો છો ? લોકને વિવેક ઉત્પન્ન થયો કે દીક્ષા લેવી કંઈ સહેલું નથી.

બધા ગુણો હોવા છતાં જો વિવેક ના હોય તો આવેલા ગુણોની કિંમત અંકાતી નથી.

'દાન'-ગુણ હોવા છતાં ક્યાં કેટલું દાન થાય, થાય કે ન થાય. તેનો પણ વિવેક જોઈએ. સંઘમાં રૂપિયોય લખાવે નહિ અને સ્કૂલ કૉલેજોમાં લાખોના દાન કરે તો ઔચિત્ય ન કહેવાય. આ વિવેક નથી. ઘરના છોકરાં ભૂખ્યા મરે અને બાવાજીને બધો લોટ આપવો તે વિવેક નથી. વિનય પૂર્વકના બધા ગુણો પ્રશંસનીય બને છે.

મોટો વિદ્વાન થયા પછી તેનામાં વિનય ન હોય તો નાના-મોટાનું જે ઔચિત્ય છે તે કરી ન શકે. એટલે વિવેક ન હોય તો તેની વિદ્વત્તા નિંદનીય બને.

ભતૃહરિ જ્યારે રાજપુત્ર હતા ત્યારે પંડિત ભણાવતા. રાજાને ભતૃહરિને રાજા બનાવવો હતો પણ જ્યાં સુધી સારાસારનો વિવેક ન આવે ત્યાં સુધી રાજ્ય કરવાની યોગ્યતા નથી આવતી.

એકવાર પંડિતે રાજપુત્રને એક શ્લોકનો અર્થ કરાવ્યો.

गात्रे धनं योजयते विमुग्धः, पात्रे धनं योजयते विदग्धः ।
गात्रे च पात्रे च न भुक्तदत्तं, खात्रेण तद्याति नरस्यं वित्तम् ॥

પંડિતજીએ રાજપુત્રને શ્લોકનો અર્થ સમજાવ્યો કે મૂરખ માણસ ધનનો ઉપયોગ પોતાના શરીરની શોભા વગેરે કરવા કરે છે, ચતુર ડાહ્યો માણસ યોગ્ય પાત્રમાં ધન વાપરે છે. જે વ્યક્તિનું ધન શરીર માટે એટલે સ્વયંના ઉપભોગ માટે કે પાત્ર માટે નથી થતું તેનું ધન ચોરો જ લુંટી જાય છે.

રાજપુત્ર આ સાંભળી વિચારમાં પડ્યો કે ખરેખર ધનનો સાચો વ્યય શું ? પંડિતજીને કહ્યું, ખરેખર ધનનો સાચો ઉપયોગ તો દાન કરવું તે છે. બાકીની બન્ને વિપત્તિઓ છે. ભોગવેલું ધન તો વિષ્ટારૂપ થાય છે. જેટલું

દાનમાં ગયું તે જ કલ્યાણ માટે થાય છે.

વિવેક આવે ત્યારે આત્મહિતની ચિંતા કરાવે છે. રાજાએ રાજપુત્રની આ વાત સાંભળી તેને રાજ્યાભિષેક માટે તૈયારી કરી રાજા બનાવ્યો. રાજ્યકાળ દરમિયાન એક ઘટનાથી વૈરાગ્ય થયો તો રાજપાટ છોડી તાપસ બની જીવન વિતાવ્યું. આ લૌકિક વિવેક કહેવાય.

પ્રત્યેક વ્યક્તિના, તેની અવસ્થાના, તેના પદ અને પ્રતિષ્ઠા મુજબના ઔચિત્યો અને વિવેક જુદા જુદા હોય છે. તેનું જ્ઞાન ન થાય તો ફજેતી થાય છે. માટે દરેકે પોતાના સ્થાન પર મારું શું ઔચિત્ય છે, મારે કોને શું વિવેક કરવો તે વિચારવું જોઈએ.

હંસને વિવેકી કહ્યો છે. હંસ આગળ ક્ષીર મૂકો તો તે તેમાંથી દૂધ ચૂસી જશે અને પાણીનો ત્યાગ કરશે આ વિવેક છે. ''ક્ષીરનીર જેમ હંસો રે'' માટે ઉચિત શું છે તે મારે કરવું આવો વિવેક પ્રગટે તો તેનાથી સંવર આવે અને આવું ઔચિત્ય-વિવેક જો ઉપશમ પડ્યો હશે તો આવશે.

ઘરની નાની નાની બાબતોથી વિવેકના સંસ્કાર પાડ્યા હોય તો તે વિવેક છેક અધ્યાત્મમાર્ગમાં કામ આવે છે.

મોટું ફેમિલી હોય, ઘણાની રસોઈ બનતી હોય, ક્યારેક કેટલાક જમવા ન આવ્યા. સાંજના સમયે રસોઈ વધે તો તેનો વિવેક ઘરમાં 'બા' કરતી હોય છે. જે રાખી મૂકી શકાય તેવી વસ્તુઓને સુરક્ષિત કરે છે. જેમ કે,



રાખી શકાય તેવી મીઠાઈ, સૂકા નાસ્તા, ફળો વિગેરે. જ્યારે રાંધેલી કેટલીક રસોઈ મા ભિખારી માટે કાઢે છે. શાક વગેરે રાખી ન મૂકાય. તેને બા ગરીબને આપે છે. કેટલું કૂતરાની ચાટમાં ભરે છે. કેટલીક રસોઈ રોટલી, થેપલા વગેરે તવા પર શેકી ડબામાં ભરે છે. દૂધને મેળવી દહીં બનાવે છે વગેરે જે વ્યવસ્થા થાય તેમાં ભિખારી પણ પામે, કૂતરા પણ પામે અને રસોઈને ગટરમાં ફેંકવી ન પડે તેને વિવેક કહેવાય છે. પણ શાક-દાળ કે રાંધેલી ચીજો ફ્રિઝમાં મૂકવી તે વિવેક નથી અને વધ્યું તેને ગટરમાં પધરાવી દેવું તે પણ અવિવેક છે.

મોટા મોટા જમણવારોમાં રસોઈ વધે તો જયણાવાળા યુવાનો રીક્ષામાં લઈ ગરીબોના ઝુંપડે પહોંચી જાય છે અને ગરીબોને પેટ ભરી જમાડી રાજી કરે છે. આ વિવેક કહેવાય. પણ ગટરમાં નાંખી દેવું તે એક રીતે દેશનો અપરાધ કહેવાય. લોકો ભૂખે મરતા હોય અને તમે ૧૦૦-૨૦૦ માણસ પેટ ભરી શકે તેટલું ફેંકી દો તો રાષ્ટ્રનો અપરાધ છે. વિવેક કરવો જોઈએ.

આવા અનેક પ્રસંગોમાં વિવેક-ઔચિત્ય તમારા ધર્મને શોભાવે છે. માણસાઈની શોભા વધે છે. વિવેક એનું નામ છે જે છોડવા જેવું (હેય) છોડે, રાખવા જેવું (ઉપાદેય) રાખે તેમાંય બીજા દિવસે બગડે તેવું હોય તો અન્યને ઉપયોગી થાય તેમ કરે પણ સંગ્રહ ન કરે તે વિવેક છે. સારા શિક્ષણનું ફળ આ વિવેક છે, ઔચિત્ય છે. કેળવણી આને કહેવાય છે. જેને સારા-સારનું જ્ઞાન હોય. ક્ષણને પારખી જવાનું જ્ઞાન તે વિવેક છે.

ઘરમાં કોઈ ચીજ નવી આવી, તે પહેલાં કોને આપવી ? પછી કોને આપવી વગેરે જ્ઞાન તે વિવેક છે. જો ક્રમ ન સચવાય તો ઘરમાં ઝઘડા થાય. ક્રમ સચવાય તો દરેકને પોતાના સ્થાનનું સ્વમાન સચવાય. તેથી કુટુંબમાં પ્રેમ-ભાવ-સંગઠન ટકી રહે.

તમે જેને મળવા માંગો છો તે કોઈની સાથે ખાનગી વાત કરી રહ્યા છે તો તમારે જોયા બાદ ત્યાંથી નીકળી જવું તે વિવેક અને બેની વચ્ચે જઈને બેસી જાઓ તો તમારામાં વિવેક નથી. કોઈની ખાનગી વાત સાંભળવા ન બેસાય.

મોટાઓની ચાલુ વાતમાં વચ્ચે માથુ ન મારવું તે વિવેક છે. જરૂર પડે વડીલને ખાનગીમાં કહી ભૂલ સુધારી શકાય. પણ પૂછ્યા વિના જ હોંશિયારી કરી પોતે બધું

જાણે છે એવી છાપ ઊભી કરવી તે અવિવેક છે.

સ્કૂલ, કૉલેજ, ઑફિસ કે ઘરમાં કોઈની પણ રૂમમાં જવું હોય તો આજે પણ રીવાજ છે કે, દરવાજેથી રજા માંગે 'હું આવી શકું ?' અથવા 'મે આઈ કમીંગ સર ?' અથવા 'અવાશે ?' આવું બોલી અંદરથી સંમતિ મળતાં અંદર જવું તે વિવેક. એમ ને એમ જવું તેને ઘૂસી ગયા કહેવાય !

મહેમાનો આવ્યા હોય તો તેમને સાથે લઈ જમવા બેસવું તે વિવેક છે. ઘરમાં બધાને પીરસવાનું હોય તો દરેકને ભાવતું, માપનું અને પડે નહીં તે રીતે પ્રેમથી પીરસવું. વળી, સ્કૂલે જવા વાળા બાળકોને ઉતાવળ હોય, કોઈ બીમાર હોય, ઑફિસે નીકળવાવાળાને મોડું થતું હોય તેમને પહેલાં જલદી પીરસી લેવું તે વિવેક કહેવાય. ત્યાં ક્રમ ન પણ જળવાય પણ બધાનો ભાવ જળવાય તેવું કરાય.

ઘરડા-વૃદ્ધ મા-બાપે ઘરમાંથી નિવૃત્તિ લીધા બાદ ચોવીસ કલાક ઘરમાં ન બેસી રહેવાય. પણ ઘર નાનું હોય કે મોટું હોય. નાસ્તો કરીને કે બપોરે જમીને ઉપાશ્રયે આવી સામાયિક કરવું. ઘર છોડવું તે વિવેક છે. ચોવીસે કલાક ઘરમાં અથડાવાનું થાય છે. નવી પરણીને આવેલ વહુઓ પછી વડીલનું માન-સન્માન ભૂલી જાય છે. માટે ઘરને ફ્રી રાખવું.

નિવૃત્તિ કાળમાં શક્તિ હોય તો વડીલોએ પરિવારની સંમતિ લઈ ચોમાસું, ઓળી, દિવાળી આદિ પર્વો તીર્થોમાં જઈ આરાધના-સાધના કરવી. ટૂંકમાં કોઈને નડવું નહિ, કોઈના સુખમાં આડખીલી બનવું નહિ તે પણ વિવેક છે.

જમતી વખતે એક દાણો પણ નીચે ન પડે, એંઠું ન છૂટે અને જમ્યા પછી થાળી ધોઈ લુંછીને મૂકવી તે પણ વિવેક છે. તેમાંય ક્યાંય મહેમાન બન્યા હોય તો ખાસ ! જાહેર સ્થળોમાં, જમણવારોમાં આવું કરવાથી જૈન ધર્મની વાહવાહ થાય નહિ તો તમારા નામે ધર્મની ફજેતી થાય ! માટે વિવેક કેળવવો. ક્યાંય મહેમાન બન્યા હોય ત્યારે કોઈ વસ્તુ માંગવી નહીં, બને ત્યાં સુધી ચલાવી લેવું તે વિવેક. વારંવાર માંગણી કરવાથી કિંમત ઘટે. આખા

❖ **બ્રાહ્મી-સુંદરી ગ્રુપ - હિંમતનગર :** ગ્રુપની બહેનોએ મળી કેરીની સિઝનમાં માનસિક દિવ્યાંગ ભાઈ-બહેનોને કેરીના ટૂકડા કરી જાતે વહેંચ્યા હતા. આ અનુકંપાનું કાર્ય હિમ્મતનગરમાં કાટવાડ સ્કૂલ આસપાસની ઝુંપડપટ્ટીના લોકોમાં કરવામાં આવ્યું હતું.

❖ **બ્રાહ્મી-સુંદરી ગ્રુપ - વડાલી :** ત્રીસ ઉપરાંત બહેનોની સંખ્યાવાળુ આ ગ્રુપ મંથલી એક સુંદર ઍક્ટિવિટી કરે છે. ગત વર્ષ દરમિયાન પ્રભુપૂજા ન કરી શકનાર વડીલો કે અશક્તોને પ્રભુ પ્રતિમા તેઓના ઘરે લઈ જઈ અષ્ટપ્રકારી અથવા સાદી પૂજા કરાવી હતી.

નજીકના પ્રાચીન પટવલ્લી તીર્થમાં સંપ્રતિકાલિન સુંદર જિનપ્રતિમાઓનું શુદ્ધીકરણ કરી દરેક પ્રતિમાઓની અષ્ટપ્રકારી પૂજા કરવાનો લાભ લીધો હતો. ❖ એકવાર અષ્ટપ્રકારી પૂજાની કીટ બનાવી સંઘના પૂજા કરતા ભાઈ-બહેનોને આપવામાં આવી હતી. ❖ વડાલી નગરના દરેક જિનાલયોને જુહારવા ચૈત્યપરિપાટીનું આયોજન કરવામાં આવેલ. ❖ દિવાળીના દિવસે બહેનોએ પ્રભુના નિર્વાણ કલ્યાણકનું ગણણું ગણવાનો સામૂહિક કાર્યક્રમ રાખ્યો હતો. ❖ બે વાર પાંજરાપોળમાં જઈ ગાયોને લાપસીનું ભોજન કરાવવામાં આવ્યું. ❖ અમદાવાદ આદિથી પધારેલ ગ્રુપના બહેનોની સાથે ઈડર ગઢ ઉપર સામૂહિક યાત્રા તથા વડાલી ગ્રુપ તરફથી નવકારશીનું આયોજન કરવામાં આવેલ. ❖ એકવાર જિનાલયની સામૂહિક ૧૦૮ પ્રદક્ષિણાનો કાર્યક્રમ રાખ્યો. અનેક ભાઈ-બહેનો જોડાયા હતા. ❖ બહેરા-મુંગાની સંસ્થામાં બદામ અને નાળિયેર પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ❖ નૂતન જિનાલયમાં સામૂહિક આરતીનું આયોજન અનેક ભાઈ-બહેનો જોડાયા. ❖ કેરીની સિઝનમાં ગરીબોના ઘરે જઈ દરેકને ૧ કિલો કેરીનું વિતરણ કરવામાં આવેલ.

**Alert મંત્ર**

**તરત કરો, સરસ કરો,**
**જાતે કરો, પૂરું કરો...**

પૂ.આ.વિ.હેમરત્નસૂરીશ્વરજી મહારાજા

# પરિણતિની Jain ફિલોસોફી-૭

## કામરાગ-સ્નેહરાગ - ૨

કામરાગના સ્વરૂપની વાત અને તેની વ્યાખ્યા થઈ. આ કામરાગને વિષયરાગ પણ કહેવાય છે. વિષયો એટલે પાંચ પ્રકારની આપણી ઈન્દ્રિયો, કાન-આંખ-નાક-જીભ અને ચામડીને ગમતા વિષયો કહેવાય, પ્રત્યેક જીવમાં આ ત્રણે પ્રકારનો રાગ ઓછીવત્તી માત્રામાં પડેલો છે. યોગીઓ રાગને મંદ કરી શક્યા છે. યોગી પુરુષો રાગને કંટ્રોલ કરી શક્યા છે. તેની વાત હમણાં બાજુપર રાખો. વીતરાગ પરમાત્મા રાગને જીતી ગયા છે. મોહ ઉપર વિજય કરી ચૂક્યા છે. તેમની વાત અહીં નથી તે સિવાય મોહગ્રસ્ત જીવોમાં આ રાગ સુષુપ્તપણે પડેલો જ છે. જે નિમિત્ત મળતાં જ એક્ટિવ થાય છે અને પહેલાં માણસના મનને વિક્ષિપ્ત કરે છે. એટલે પહેલાં મનમાં ધમાલ મચાવે છે, તોફાન પેદા કરે છે પછી વચન અને કાયામાં આવી ઈચ્છાઓ પૂરી કરે છે.

ક્યારેક એવું બને કે, શરૂઆતમાં રાગ સ્નેહ રૂપે પ્રગટ થાય પછી કામરાગમાં ટ્રાન્સફર થઈ જીવન બરબાદ કરે. કેટલાક કહે છે, કામરાગનું મૂળ સ્નેહરાગ છે. કામરાગમાં સ્નેહરાગ જો ભળેલો હોય તો તેનું કાર્ય લાંબા સમય સુધી ચાલે, તેની ઈચ્છાઓની પૂર્તિ લાંબા સમય સુધી ચાલે. કારણ સ્નેહરાગના કારણે જગતમાં કોઈને ખબર ન પડે, શંકા કે ડાઉટ ન થાય અને ચૂપચાપ પ્રવૃત્તિઓ ચાલ્યા કરે. તે જીવને ઘણો બરબાદ કરે. માત્ર કામરાગ વધુ ટકે નહીં, કદાચ જલદી પણ પૂરો થઈ જાય.



કામરાગવાળા વ્યક્તિમાં સ્વાર્થ પડેલો હોય છે. તે જ તેનો પાયો છે સમજો. જ્યારે સ્નેહરાગ લાગણીવાળો છે. નિઃસ્વાર્થ હોય.

માતા જ્યારે ગર્ભહત્યા કરે છે ત્યારે તે કામરાગ છે. પોતાનો સ્વાર્થ છે. પોતાનું પાપ છુપાવવું છે, અથવા તેની સંતાનની હમણાં ઈચ્છા નથી. શરીર સારું નથી વગેરે અનેક કારણે હત્યા થાય છે. તેમાં સ્વાર્થ કારણ હોવાથી કામરાગ આવું ભયંકર પાપ કરાવે છે.

બાળક આવ્યા પછી પણ તેનો ફીગર બગડે નહીં તે માટે પોતાના બાળકને સ્તનપાન પણ ન કરાવે, ફીડર-બોટલ પર ચડાવે ! કેટલો સ્વાર્થ ? વિચારો. સગ્ગી મા બાળકને પોતાનું દૂધ આપવા ઈનકાર કરે તે કેટલો સ્વાર્થ ! છતાં કામરાગનું આવું જ કાર્ય છે. પોતાના સ્વાર્થે બાળકનું પણ ભાવિ વિચારે નહીં ! જ્યારે સ્નેહરાગ, માતાને દીકરો દુઃખ આપે છતાં જુદા થવાની વાત ન કરે.

સાંભળેલું, એક દીકરાને કોઈ છોકરી સાથે લવ થયો. ધીરે ધીરે લગ્નનો પ્રસ્તાવ આવ્યો. છોકરીએ આગળ વધતાં પહેલાં શરત મૂકી કે, લગ્ન કરવા હોય તો તારી માનું કાળજુ લાવીને આપે તો પરણું ! છોકરો મુંજાયો. શું કરવું. તેના વિના જીવી શકું તેમ નથી. તેણે તેના મિત્રની સલાહ લીધી. તેના મિત્રો પણ કેવા હોય ? કલ્યાણમિત્રો ઘણા પુણ્યથી મળે ! આવા તો ફૂટપાથ ઉપર પણ મળી જાય. તેના મિત્રે કહ્યું, ભાઈ આવી છોકરી જોઈએ તો 'મા'ને જતી કરવી પડે. આમેય મા ઉંમરલાયક થઈ ગઈ છે. આખી જિંદગી થોડી રહેવાની છે. પેલી તો આખી જિંદગી તને સાથ આપશે. સાચું સુખ તો તે આપશે. જો ! આ રીતે ચૂપચાપ કામ પતાવી દેવાનું.

મિત્રએ પ્લાન આપી દીધો. છોકરાએ એક રાતે માને પતાવી તેનું કાળજુ લઈ પેલી પરણેતર છોકરી પાસે જઈ રહ્યો છે. માર્ગમાં ઠોકર વાગી, હાથમાંથી કાળજુ પડી ગયું, તે પણ પડ્યો ત્યારે પેલા

કાળજામાંથી અવાજ આવ્યો કે, "બેટા ! તને વાગ્યું તો નથી ને ? માની આ લાગણી જુઓ. આને સ્નેહરાગ કહેવાય.

દીકરો દુઃખી કરતો હોય છતાં ક્યારેક બીમાર પડે તો મા અડધી અડધી થઈ જાય. આ નિઃસ્વાર્થ પ્રેમ તે સ્નેહરાગ છે.

પણ બધાને સ્નેહરાગ આવો ન હોય. કેટલીક ભાભીઓના કે સાળીઓના સ્નેહરાગમાંથી અતિપરિચય અને એકાંત મળતાં અંદર કામરાગ ઉત્પન્ન થઈ જાય અને આખોય સ્નેહ કામમાં પલટાઈ જાય પછી ચૂપચાપ વિષયોના તોફાન ચાલ્યા કરે !



માટે તો ભગવાન કહે છે, આ બન્ને રાગમાં પડવા જેવું નથી. તે માત્ર ને માત્ર કર્મબંધનું કારણ તો બને છે. સાથે ભયંકર દુર્ગતિનું પણ કારણ બને છે. સ્વાર્થ ખાતર કામરાગી ગમે તેવું આચરણ કરે તમે તેની કલ્પના પણ ન કરી શકો. સ્નેહરાગી કદાચ જતું કરે પણ સંબંધ ન બગાડે.

કામરાગના તોફાન તમે જાણો અને કામરાગને ઊઠતો જ ખતમ કરો.

કામરાગ માણસને પાગલ અને ઉલ્લંઠ બનાવે છે.

કામરાગનો તાવ ચડતાં આત્મા બેભાન બનતાં વિવેકશૂન્ય બને પછી તેનામાં ને પશુમાં ખાસ ફરક રહેતો નથી.

કામરાગ માણસને સતત વિહ્વળ બનાવે છે. મગજ શૂન્ય બનાવે.

કામરાગની અંતિમાત્રા (ઈચ્છાતૃપ્તિ ન થાય તો) ડિપ્રેશનમાં લઈ જાય.

કામરાગ આપઘાત સુધી લઈ જાય.

કામરાગ પદ-પ્રતિષ્ઠા કે ખાનદાની નષ્ટ કરાવે.

રાજનેતાઓના ભવાડા અને વ્યભિચારો કામરાગના તોફાનો છે.

સત્તા અને સંપત્તિ મળતાં કામરાગને સોળે કળાએ ખીલવાના ચાન્સ મળે છે.

કામરાગ સદ્‌બુદ્ધિનો પણ ધ્વંસ કરે છે.

મોટામોટા રાજાઓ - સેનાપતિઓ કામરાગને વશ થઈ સત્તા ગુમાવી દે છે. સાવ તુચ્છ ગટરના ભૂંડ જેવી ચેષ્ટાઓ કરી પોતાના ખાનદાનને અભડાવે છે.

વિદેશમાં કેટલાય રાજનેતાઓ કામરાગના અતિરેકમાં સત્તા ગુમાવી બેઠા છે.

રાવણ જેવા શક્તિશાળી, વિચારશીલ અને વિદ્યાધરને પણ કામરાગે વિનાશ તરફ ધકેલ્યો. સીતાજીને ઉપાડી લાવવાનું સાહસ કરાવ્યું.

વર્તમાનમાં પણ જે ચોરી, લુંટ, ખૂના મરકી, રેપ, ક્રૂર મર્ડરો કે યુદ્ધો થાય છે. તેમાં કામરાગ પ્રધાનપણે કારણ છે.

પત્ની હોવા છતાં અન્ય સાથે અફેર થાય છે. તે અતિ કામરાગનું કારણ છે. કામરાગ સતત અતૃપ્ત રાખે છે. કારણ તૃષ્ણા તેનું મૂળ છે.

સગો બાપ પુત્રી સાથે દુર્વ્યવહાર કરે તો અતિકામનો રાગ છે. તેનું પરિણામ આપઘાતથી લઈ ઘર બરબાદ કરવા સુધીનું છે.

કામરાગમાં જો સ્નેહરાગ ભળેલો હોય તો ક્યારેક ભયંકર સ્થિતિ ઉત્પન્ન કરે છે. તેમના પાપાચારોથી થતી દુર્દશાનો કોઈ અંત આવતો નથી. અંતે જીવ ભારેકર્મી બની સંસારને વધારી દે છે.

બ્રહ્મચારી કહેવાતા સંતો પાસે ભક્તો અને ભક્તાણીઓ પહેલાં ભક્તિભાવથી આવે. ધીરે ધીરે પરિચય થાય. પછી ભક્તાણીઓ સાથે સ્નેહ બંધાય પછી કામરાગ નામનો પિશાચ જાગે, ભલભલા બ્રહ્મચારી સંતને પણ આંધળા કરે. પછી જે થાય તે બરબાદી છાપાઓમાં ચડીને ધજાગરા બાંધે. આખો સંત સમાજ બદનામ થાય.

લોકોને સદાચારનો માર્ગ બતાવનાર ખુદ દુરાચારના અધમાધમ પાપોનો શિકાર બને. સ્વર્ગના

સુખોને ભોગવવા સર્જાયેલા આ સંતને કામરાગ ગળચી પકડી નરકના કે દુર્ગતિઓના મહેમાન બનાવે ! સુગુરુઓ પણ કામના રવાડે ચડી કુગુરુઓ બની જાય ! આખીય સાધુ સંસ્થાને દુનિયામાં ભયંકર બદનામ કરે. વધારામાં નાસ્તિકો અને બૌદ્ધિકોના મંડપમાં ઉત્સવ થઈ જાય !

કામરાગ તો દરેક સ્ત્રી-પુરુષમાં સુષુપ્ત પણે પડેલો હોય છે. તેને ભડકાવનાર નિમિત્તો વર્તમાનમાં ખૂબ બળવાન છે. મોબાઈલ તેમાં નંબર વન છે. માણસ એકાંતમાં જઈ મોબાઈલમાં વેબ સીરીઝ વગેરે ખોલી કલાકો સુધી તેના વલ્ગર દશ્યો જોઈ કામાતૂર બને છે. ત્યારે લાગ મળતાં હવસખોર બની માનવમાંથી શૈતાન બની ન કરવાના કામ કરે છે. તેમાં વળી સ્નેહરાગ ભળે તો તેમના અધમકૃત્યો વર્ષો સુધી ચાલ્યા કરે અને નરકના કર્મો બાંધે.

આ લોકોની પરલોક દૃષ્ટિ તો ચાલી જ જાય પણ આ લોકનો પણ ભય ચાલ્યો જાય છે. તેઓ ધિટ્ટા, બુટ્ઠા અને જડ જેવા લાગણી શૂન્ય બની જેલની હવા ખાવા ચાલ્યા જાય છે. ત્યાં કદાચ ભાન થાય છે કે મેં આ શું કર્યું ?

કલિકાલ સર્વજ્ઞ કહે છે, **किं न कुर्यात् स्मरातुरः** સ્મર એટલે કામદેવ, કામાગ્નિ. કામાતૂર માણસ શું ન કરે તે સવાલ છે. ખાનદાન-લજ્જાળુ પણ નિર્લજ્જ બની જાય છે. આ કામરાગ અને સ્નેહરાગ દેવલોકના દેવોને પણ છોડતો નથી. વિદ્યાધરોને પણ છોડતો નથી.

પ્રવચન સારોદ્ધાર નામના ગ્રંથમાં કામના ૨૪ પ્રકારો આપ્યા છે. મુખ્ય બે પ્રકારો છે. જેમાં પહેલો છે **સંપ્રાપ્તકામઃ** એટલે કે, બે કામી જીવો કોઈક રીતે મળે તેનાથી તેમને એકબીજા ઉપર અથવા એકપક્ષને કામ ઉત્પન્ન થાય.

ક્યારેક જોવા માત્રથી આંખ ત્યાં જ ચોંટી જાય. બન્નેની નજર મળે આંખમાંથી કામરાગની આપ-લે થાય. જો કોઈ ડિસ્ટર્બ ન કરે તો રાગનો પાવર વધતો જાય. પછી તો વારંવાર મુલાકાતો ગોઠવાય. હવે એકબીજાને મળવાના પ્લાન થાય. પુરુષનું મગજ તેમાં જ ચાલ્યા કરે, કામ ધંધો પણ ભૂલી એને મેળવવાના જ કામે લાગે.

સ્કૂલ-કૉલેજ લાઈફમાં હોય તો માથું ભણવામાં જવાના બદલે આમાં જ ગયા કરે. ઘરમાંય ચેન ન પડે. આવા સંપ્રાપ્તના ૧૪ પ્રકાર કહ્યા છે. (૧) દૃષ્ટિ સંપાદન (આંખ મળવી) (૨) દૃષ્ટિ સેવા (૩) સંભાષણ (પ્રેમથી



વાતચીત) (૪) હાસ્ય (૫) લલિત (ટાયલાવેળા કરવા, ચાળા કરવા) (૬) અવગૂહન (હાથ આદિનો સ્પર્શ, હાથ દબાવવા વગેરે રૂપ (૭) દાંત મારવા (૮) નખ મારવા (૯) ચુંબન (૧૦) આલિંગન (૧૧) ગ્રહણ (૧૨) કર સેવન (૧૩) આસેવન (રતિક્રિયા કરવી) (૧૪) અનંગ ક્રીડા.

બીજો મુખ્ય પ્રકાર છે **અસંપ્રાપ્ત કામરાગ :** આમાં બન્ને જણનો વિયોગ થાય ત્યારે - તેના પણ ૧૦ પ્રકાર કહ્યા છે. (૧) અર્થ (૨) ચિંતા (૩) શબ્દ (૪) સ્મરણ (૫) વિકલ્પ (૬) લજ્જાનાશ (૭) પ્રમાદ (૮) ઉન્માદ (૯) તદ્‌ભાવ (તેના વિના ઝૂરવું) (૧૦) મરણ.

ઘણીવાર લગ્નમોડા થઈ જાય, ૨૦-૨૫ વર્ષે ઠેકાણું ન પડે ત્યારે, વળી વ્યક્તિ ખાનદાન હોય અને કામરાગ સતાવે ત્યારે જ્યાં સુધી પાત્રનું મિલન ન થાય ત્યાં સુધી વ્યક્તિ ધીરે ધીરે ઉન્માદમાં જાય છે. વર્તમાનમાં બાયોપોલર ડિસઑર્ડર ડિપ્રેશન પણ કહી શકાય. જેનું રીએક્શન અનેક પ્રકારે આવી શકે. માણસ પાગલ પણ બની જાય. ગુમસુમ રહે, કેટલાક કહે છે આવી વ્યક્તિના જો લગ્ન થઈ જાય તો બધું ઠેકાણે પડી જાય છે. આ છે કામરાગ !

ક્રમશઃ

# પ્રાચીન ઈડરગઢ તીર્થમાં સાબરકાંઠા વિસ્તારના યુવાનોનું મિલન

પાવનનિશ્રા : યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ.હેમરત્નસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ. આદિ.
સમય : જેઠ વદ ૧૧-૧૨, શનિ-રવિ, તા.૨૧-૨૨, જૂન, ૨૦૨૫
સહયોગ : મનિષભાઈ ઈડરવાળા (હિમ્મતનગર), પિનાકીનભાઈ, ડો.રાજુભાઈ,
જયેશભાઈ પરીખ, ડો.કીરિટભાઈ (ઈડર) તથા દિનેશભાઈ આત્મવલ્લભ (ઈડર)
વ્યવસ્થાચક્ર : હિંમતનગર ગ્રુપ - રજીસ્ટ્રેશન તથા આવાસ-નિવાસ
ઈડર ગ્રુપ : સ્વાગત તથા રસોડાની વ્યવસ્થા. અન્ય વડાલી, તલોદ
આદિ ગ્રુપોએ અન્ય વ્યવસ્થાઓ સંભાળી હતી.

પૂજ્યપાદ ગુરુદેવની ઈચ્છા એકવાર ઈડરગઢ ઉપર યુવાનોની શિબિર કરાવવાની હતી. આ વાતને યાદ રાખી યુવાનોએ પૂજ્ય પંન્યાસશ્રીજીની નિશ્રા પ્રાપ્ત થતાં મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાબરકાંઠાના દરેક ગામ-નગરોમાં યુવાનોને મેસેજ દ્વારા જાણ કરતાં ૨૦૦ ઉપરાંત સંખ્યા થવા પામી હતી.

તા.૨૧-૬ના સાંજે ૪-૦૦ વાગે મિલનનું અમદાવાદથી આવેલ એલર્ટ ગ્રુપના **શ્રી રાકેશભાઈ, પલકભાઈ** તથા **અમિતભાઈ** આદિ સાથે તીર્થના ટ્રસ્ટીશ્રીઓએ મળી દીપક પ્રગટાવી ઉદ્ઘાટન કર્યું હતું. સંગીતકાર સંકેત શાહે **"ભુવનભાનુના અજવાળા"** ગીત લઈ શુભ શરૂઆત કરી હતી.

ત્યારબાદ પૂજ્યશ્રી **મળતા રહો, ભળતા રહો અને પ્રભુના કાર્ય કરતા રહો.** ત્રિપદી ઉપર યુવાનોને સુંદર માર્ગદર્શન કર્યું હતું. ભારે વરસાદ છતાં દરેક સેન્ટરોમાંથી યુવાનો પધાર્યા હતા.

સાંજે ભોજન બાદ જિનાલયમાં સંધ્યાભક્તિ, બાદ રાત્રે ૯-૦૦ કલાકે પૂજ્યશ્રી સાથે વાર્તાલાપમાં **ધર્મની જરૂર શું...** તે વિષયમાં સુંદર વાર્તાલાપ થયો હતો.

રવિવારે સવારે ૬-૩૦ કલાકે શ્રી સિદ્ધચક્ર સંક્ષિપ્ત આરાધના પૂજ્યોની નિશ્રામાં સંગીત સાથે યુવાનોએ કરી હતી. ત્યારબાદ જાપ અને શ્રી સિદ્ધચક્રના ધ્યાન ઉપર પૂજ્યશ્રીએ વિવેચન કર્યું હતું.

નવકારશી બાદ સવારે ૯-૩૦ થી પ્રવચન શરૂ થતાં પ્રારંભમાં **પૂ.મુનિશ્રી મહર્ષિરત્ન વિ. ડીવોશન અને ડેડીગેશન** ઉપર દૃષ્ટાંત સહિત સુંદર માર્ગદર્શન કર્યું હતું. પૂજ્યશ્રીએ ડીવોશન ઉપર ભિવંડીની પાઠશાળાને ધમધમતી કરનાર **વસંતીબેન** ઉર્ફે આન્ટીજીને પણ યાદ કર્યા હતા.

પૂજ્યશ્રીએ **'તાપમાં પણ ભીના રહેવાની કળા'** ઉપર મનના વિષયમાં વર્તમાનની વિષમ પરિસ્થિતિ-ઓમાં પણ મનની સ્વસ્થતા કેમ ટકાવી રાખવી ? તેના ઉપર ઉપયોગી પ્રકાશ પાથર્યો હતો.

ત્યારબાદ યુવામિલન અંતર્ગત ગ્રુપ દીઠ યુવાનોના પ્રસંગાનુસાર વક્તવ્યો થયા હતા.

પ્રવચનમાં યુવાનો ઉપરાંત બ્રાહ્મી-સુંદરી ગ્રુપ ઑફ હિંમતનગર, ઈડર, વડાલીની ૫૦ ઉપરાંત બહેનો મિલનમાં ઉપસ્થિત રહી હતી.

અંતે મિલનના દાતાઓ, કાર્યકરો, તીર્થના ટ્રસ્ટીશ્રીઓ તથા સ્ટાફ આદિને યાદ કરી સહભાગી થવા બદલ અનુમોદના કરી હતી. ભોજન બાદ સહુએ વિદાય લીધી હતી.

## આટલું ભૂલશો નહિ...

૧. સાંભળેલી આત્મહિતની વાત
૨. વડીલની સલાહ કે શિખામણ
૩. ગુરુનો આદેશ ન ભૂલવો
૪. પ્રભુનો, ગુરુનો, માતા-પિતાનો ઉપકાર
૫. મૃત્યુ નિશ્ચિત્ત છે તો ન ભૂલવું.
૬. એટલા બીજી ન બનવું કે શ્વાસ લેવાનું ભૂલાઈ જાય.

# માનસ મંદિરે શાસનપ્રભાવક દીક્ષા મહોત્સવ

૧. મુમુક્ષુ : **રીશીકુમાર મનિષભાઈ** (ઉ.૩૦), અમેરિકા

૨. મુમુક્ષુ : **સુનીતાબેન** (ઉ.૫૫) અમેરિકા

૩. મુમુક્ષુ : **ભાવિનભાઈ** (ઉ.૩૬) ચેન્નઈ

પાવનનિશ્રા : **શ્રી પ્રેમ-ભુવનભાનુ સમુદાય**ના શ્રી સંઘ કૌશલ્યાધાર

પૂ.આ.વિ.**જયસુંદરસૂરીશ્વરજી** મહારાજા ❖ પૂ.આ.વિ.**યશોરત્નસૂરીશ્વરજી** મહારાજા

પૂ.આ.વિ.**પ્રેમસુંદરસૂરીશ્વરજી** મહારાજા ❖ પૂ.પંન્યાસ શ્રી **વિરાગરત્ન વિ.મ.સા.** આદિ શ્રમણવૃંદ

પૂ.સાધ્વીશ્રી **તત્ત્વજ્યોતિશ્રીજી** તથા પૂ.સાધ્વીશ્રી **દક્ષરેખાશ્રીજી** મ. આદિ શ્રમણીવૃંદ કુલ ઠાણા-૩૫

સમય : જેઠ સુદ ૧૨ (૨૦૮૧) રવિવાર, તા.૮-૬-૨૦૨૫ સવારે

દીક્ષિતોના નામ : **પૂ.મુનિ ઋષિહેમ વિજયજી મ.**

**પૂ.મુનિ યશોહેમ વિજયજી મ.** ❖ **પૂ.સા.શ્રી મનાતીત રેખા શ્રીજી મ.**

---

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ.**હેમરત્નસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પંન્યાસ પ્રવર **પૂ.પં.વિરાગરત્ન વિ.મ.** આદિ ઠાણા હૈદરાબાદ ચાતુર્માસ પૂર્ણ કરી, પૂ.વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી **ગુણહંસવિજયજી** મ.સા.ને શ્રી ભગવતી સૂત્રના જોગ કરાવી તથા ગણિપદવી પ્રદાન કરાવી ચૈત્ર સુદ-૪ના માસમંદિરમ્ તીર્થમાં પધાર્યા હતા.

દીક્ષાર્થી પરિવાર પણ પાંચ દિવસ અગાઉ પધારી ગયો હતો. ત્રણે મુમુક્ષુઓની દીક્ષા નિમિત્તે માનસમંદિરમ્ તીર્થમાં ત્રણ દિવસનો મહોત્સવ રાખવામાં આવ્યો હતો. વિશેષતા એ હતી કે, દીક્ષા માત્ર રીશીકુમારની નક્કી થયેલ. પરંતુ દિવસો નજીક આવતા ગયા તેમ તેમના માતુશ્રી શ્રી **સુનિતાબેને** પણ ‘વહાલસોયા’ દીકરાના પગલે ચાલવાની ઈચ્છા થઈ હતી અને તેમનું પણ મુહૂર્ત દીકરા સાથે લેવાયું. તે દરમિયાન પૂ.પં.શ્રી સાથે ચાતુર્માસમાં આરાધના કરી રહેલ મુમુક્ષુ **ભાવિનકુમાર**ને પણ ઘર તરફથી સહર્ષ સંમતિ મળતાં સ્કોર ત્રણનો થવા પામ્યો હતો.

મુહૂર્ત સાધવા અને ત્રણે મુમુક્ષુઓને પ્રભુ વીરના માર્ગે દીક્ષિત કરવા પૂજ્ય આચાર્ય ભગવંતો પણ પૂજ્યપાદ ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ વિશાળ શ્રમણવૃંદના નાયક શ્રી **રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની આજ્ઞા લઈ તીર્થમાં પધાર્યા હતા.

જેઠ સુદ-૧૦, તા.૫-૬ થી શરૂ થયેલા દીક્ષા મહોત્સવમાં પરદેશના અમેરિકા આદિ છ દેશોમાંથી **૨૫૦** ઉપરાંત ભાવિકો, કેટલાક તો પ્રથમવાર સાક્ષાત્ પ્રસંગને માણવા પધાર્યા હતા.

તથા **“યંગ જૈન ઓફ અમેરિકા”** વગેરે કેટલાક સંગઠનો પણ દીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત દેશના આઠ રાજ્યોમાંથી સગા-સ્નેહી સહિત ૧૦૦૦ ઉપરાંત ભાવિકો એમ કુલ ૧૫૦૦ ઉપરાંત ભાવિકો હતા.

તીર્થના વિશાળ ઉત્સવમંડપમાં દીક્ષામંડપને સુંદર સજાવવામાં આવ્યો હતો. વી.આઈ.પી. સજ્જનો માટે સુંદર બેઠક વ્યવસ્થાથી લઈ હંગામી સગવડો ઊભી કરવામાં આવી હતી.

ત્રણ દિવસ દરમિયાન જિનાલયમાં **શ્રી શક્રસ્તવ સ્તોત્રના પાઠ** સહિત સંગીતના સથવારે પ્રતિમાજી ઉપર ઔષધિઓ યુક્ત અભિષેક દ્વારા જિનભક્તિ. **શ્રી સિદ્ધચક્ર સંક્ષિપ્ત આરાધના** સંગીત સાથે, **ઉપકરણ વંદનાવલી** દ્વારા ચારિત્રધર્મની વંદના, **માતૃ-પિતૃ વંદના** દ્વારા ઉપકારી અમ્મા-પિયુને ઉપકાર વંદના તથા **રાઉન્ડ ધ ટેબલ** આયોજનમાં યુવાનો માટે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રવચનના સમયે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી **જયસુંદરસૂરીશ્વરજી** મ., પૂ.આ.શ્રી **યશોરત્નસૂરીશ્વરજી** મ. તથા પૂ.મુનિશ્રી **પારિજાત** વિ.મ. આદિએ અંગ્રેજી ભાષામાં સુંદર પ્રવચનો ફરમાવ્યા હતા.

પ્રસંગનું સંચાલન પણ મોટાભાગે આંગ્લભાષામાં આવેલા વિદેશી મહેમાનોને નજરમાં રાખી કરવામાં આવ્યું હતું.

હજારોની મેદનીમાં દીક્ષાની પાવન ઘડીએ વહેલી

## ચાતુર્માસ કરતા પૂ.ગુરુદેવશ્રીના શિષ્યોના ચાતુર્માસ

સવારથી લઈ દીક્ષાના વિધિવિદાન બાદ પૂજ્ય આચાર્ય ભગવંતોએ મુમુક્ષુઓને ક્રમ મુજબ રજોહરણ અર્પણ કર્યા હતા. ત્યારે ત્રણે મુમુક્ષુઓએ અપૂર્વક્ષણને પ્રદક્ષિણા-નૃત્ય દ્વારા આનંદપૂર્વક માણી હતી.

દીક્ષા બાદ સર્વવિરતિધરના વેશમાં શોભતા દીક્ષિતો મંડપમાં પધારતાં સભા હર્ષની ચીચીયારીઓથી ગુંજી ઊઠી હતી. ઉપકરણ સમર્પણની સુંદર બોલીઓ દ્વારા લાભાર્થી પરિવારોએ મુમુક્ષુઓ માટે ઉપકરણો પૂજ્યોને બહુમાન પૂર્વક અર્પણ કર્યા હતા.

ત્રણે દિવસ તીર્થની આજુબાજુના આદિવાસી ઘરોમાં અનુકંપા, ગૌશાળામાં જીવદયા, સંધ્યાભક્તિ બાદ આરતિ ગુરુભક્તિ, સાધર્મિક વાત્સલ્ય આદિ દ્વારા શાસન પ્રભાવક પ્રસંગની પૂર્ણાહુતિ થઈ હતી.

પૂજ્યપાદ ગુરુદેવના ગ્રુપમાં બે મુનિઓની વૃદ્ધિ થઈ હતી. પૂ.મુનિશ્રી **ઋષિહેમ** વિજયજી મ., પૂ.પં.શ્રી **વિરાગરત્ન** વિ.મ.ના શિષ્ય તથા પૂ.મુનિશ્રી **યશોહેમ** વિજયજી મ., પૂ.મુનિશ્રી **યુગરત્નવિજયજી** મ.ના શિષ્ય તરીકે તથા પૂ.સા.શ્રી **મનાતીત રેખાશ્રી** પૂ.સા.શ્રી **દક્ષરેખાશ્રીજી** મ.ના શિષ્યા તરીકે ઘોષિત થયા હતા.

દીક્ષા બાદ પૂ.પંન્યાસશ્રી **વિરાગરત્ન** વિ.મ., પૂ.મુનિશ્રી **દેવર્ષિરત્ન** વિ.મ. આદિ ઠાણા - પાંચે માનસમંદિરથી ઈર્લા (અંધેરી) ચાતુર્માસાર્થે તીર્થમાંથી જેઠ સુદ-૧૫, તા.૧૧-૬ના રોજ વિહાર કર્યો હતો.

આ પ્રસંગમાં તીર્થના ટ્રસ્ટીઓ **શ્રી કલ્પેશભાઈ, જયેશભાઈ, સમીરભાઈ, સુભાષભાઈ, મહેન્દ્રભાઈ, દેવરાજભાઈ રાંકા, રાજુભાઈ, ગીરીશભાઈ, લક્ષ્મીચંદભાઈ લલીતભાઈ, ભરતભાઈ, મુકુંદભાઈ, મનસુખભાઈ, મુકેશભાઈ મલાડ, મુકેશભાઈ ભિવંડી, જિનેશ દોશી** આદિ ઉપસ્થિત રહ્યા હતા.

આવેલા પરદેશી આદિ મહેમાનોએ માનસમંદિરમ્ તીર્થની પ્રભુજીની સુંદર પ્રતિમાજીની, ટ્રસ્ટીઓ દ્વારા થતી સુંદર સંભાળ તથા સ્ટાફની વિનયપૂર્વક થતી સુંદર વ્યવસ્થાની ભરપૂર અનુમોદના કરી હતી. પૂ.પં.શ્રી મ.ની પ્રેરણાથી દીક્ષિત પરિવાર તરફથી તીર્થમાં સાધારણની સુંદર રકમ ભેટ અપાઈ હતી.

● પૂ.પંન્યાસ શ્રી **વિરાગરત્ન** વિ.ગણિ, પૂ.મુનિશ્રી **દેવર્ષિરત્ન** વિ.મ. આદિ ઠાણા-૫નો ચાતુર્માસ પ્રવેશ સંઘકૌશલ્યાધાર પૂ.આ.વિ.**જયસુંદરસૂરીશ્વરજી** મહારાજાની સાથે વિ.સં.૨૦૮૧, અષાડ સુદ-૩, તા.૨૮-૬ના રોજ શ્રેયસ્કર **શ્રી અંધેરી ગુજરાતી શ્વે.મૂ.પૂ.સંઘ,** ઈર્લા-મુંબઈ શ્રીસંઘમાં ધામધૂમ પૂર્વક થયો હતો.

● પૂજ્ય મુનિશ્રી **ભક્તિરત્ન** વિ.મ. તથા મુનિશ્રી **ઋષભરત્ન** વિ.મ. આદિ ઠાણા-૩ પૂ.મુનિશ્રી **પદ્મરત્ન વિ.મ.** સાથે જૈનનગર, અમદાવાદ.

● **પૂ.પંન્યાસ હૃદયરત્ન વિ.મ.** આદિ ઠાણા-૬નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ-૮, ગુરુવાર, તા.૩-૭ના રોજ હિંમતનગરે **શ્રી સોસાયટી નગર શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, મહાવીરનગર**માં સામૈયાપૂર્વક સવારે ૭-૩૦ કલાકે થયો હતો.

લાભાર્થી **શ્રી ચેતનભાઈ** તથા **પંકજભાઈ પોપટલાલ સલાલ** તથા **શ્રી મિતાબેન હિતેષભાઈ ગાંધી** તરફથી નવકારશી રાખવામાં આવી હતી. ૫૦૦ ઉપરાંત ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. સાથે શ્રમણીગણ નાયક પૂ.આ.વિ.**રશ્મિરત્નસૂરીશ્વરજી મ.**ના આજ્ઞાવર્તી પૂ.સા.શ્રી **મનિષરેખાશ્રીજી** આદિ ઠાણા-૯નો પણ પ્રવેશ થયો હતો. તપયજ્ઞમાં ધર્મચક્ર તપની આરાધના અષાઢ સુદ ૧૨થી પ્રારંભ થશે.

● પૂ.મુનિશ્રી **યુગરત્ન** વિ.મ. તથા પૂ.મુનિશ્રી **યશોજયરત્ન** વિ.મ. આદિ ઠાણા-૩નો ચાતુર્માસ પ્રવેશ ન્યુ વાસણા **શ્રી અમીઝરા વાસુપૂજ્ય સંઘ,** અમદાવાદમાં અ.સુ.૩, તા.૨૮-૬ના રોજ સામૈયાપૂર્વક થયો હતો. લાભાર્થી તરફથી નવકારશી રાખવામાં આવેલ. ૫૦૦ ઉપરાંત ભાવિકોએ લાભ લીધો હતો. પ્રવેશ દરમિયાન **શ્રી શત્રુંજય તપ**ની જાહેરાત થતાં ઘણા તપસ્વીઓ જોડાયા હતા તથા **૨૫ ઉપરાંત વર્ધમાન તપની ઓળીના પાયા**માં જોડાયા હતા. રવિવારીય છ શિબિરોના લાભાર્થીઓની જાહેરાત કરવામાં આવી હતી. ૫૦ ઉપરાંત આયંબિલની આરાધના પ્રવેશ નિમિત્તે થઈ હતી.

## ગુજરાતમાં પંચતીર્થમાં સ્થાન પામી રહેલું

# ભાલકગામ

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ. **હેમરત્નસૂરીશ્વરજી** મ.ની જન્મભૂમિ ભાલક ગામ જ્યાં **૧૮૦** વર્ષ પ્રાચીન જિનાલય છે. જ્યાં હઠીસિંગની વાડીથી પધારેલ **૧૫મા ધર્મનાથ ભ.**, સિદ્ધગિરિથી પધારેલા **પ્રથમ ભ. આદિનાથ,** શંખેશ્વરથી પધારેલ **૨૩મા પાર્શ્વનાથ** તથા તારંગાજીથી પધારેલ **૨જા ભ.અજિતનાથથી** ચારે તીર્થોનો સંગમ અહીંના જિનાલયમાં થયો છે. સાથે ૯ પ્રતિમાજીઓ પ્રાચીન છે. આમ **ભાલક ગામ** તીર્થ બની ચૂક્યું છે. સાથે છેલ્લા છ વર્ષથી **ગુરુભક્તિનું** પણ કેન્દ્ર બન્યું છે.

પૂજ્ય ગુરુદેવના શિષ્યરત્ન **પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ.** આદિ ઠાણા વિ.સં.૨૦૭૫માં વિસાનગર મુકામે ચાતુર્માસ પધાર્યા તે પૂર્વે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ગુરુદેવના જન્મસ્થાન ઉપર એક નાનકડા મકાનમાં સ્મૃતિમંદિર બનાવવામાં આવ્યું છે. તેમાં પૂજ્ય ગુરુદેવની પાદુકાઓ તથા પ્રતિકૃતિનો પ્રતિષ્ઠા પ્રસંગ વિ.સં.૨૦૭૫ના જેઠ વદ-૬, તા.૨૩-૬-૨૦૧૯ના રોજ ઉજવવામાં આવેલ.



ભાલકનું પ્રાચીન જિનાલય

ભાલક શ્રીસંઘના ભાઈઓ તથા નડિયાદવાળા **સ્વ. શ્રી પ્રકાશભાઈ**એ મળી સ્મૃતિમંદિરનું કાર્ય તથા પ્રસંગ સુંદર રીતે કર્યો હતો. અનેક ભક્તો તથા શ્રીસંઘની ઉપસ્થિતિ રહેલી.

ત્યારબાદ ભાલકનગરમાં પ્રાચીન જિનાલયના કારણે તથા પૂ.ગુરુદેવના સ્મૃતિમંદિરના દર્શનાર્થે અનેક ભક્તો તથા મહિલા મંડળોનું આવાગમન શરૂ થયું છે.

ભાલક રહેનાર સુશ્રાવક **સુરેશભાઈ** આવનાર યાત્રિકો માટે શ્રીસંઘ તરફથી તૈયાર થયેલ ધર્મસંકુલ, ભોજનશાળાનું સુંદર સંચાલન કરી રહ્યા છે. છેલ્લે ત્રણ વર્ષથી પ્રભાવ વધતાં યાત્રિકોનું પ્રમાણ વધતું ગયું છે. જેથી લગભગ દરરોજ યાત્રિકો જિનભક્તિ તથા ગુરુવંદન-ભક્તિનો લાભ લઈ રહ્યા છે.

યાત્રિકો માટે નિઃશુલ્ક નવકારશી, બપોરનું ભોજન તથા સાંજે ચોવિહારની સુંદર વ્યવસ્થા છે. ઉતરવા માટે સંકુલમાં એ.સી.-નોન એ.સી. રૂમોની પણ વ્યવસ્થા છે. વધારામાં આવનાર યાત્રિકોને વિદાય વખતે શ્રીસંઘ તરફથી રૂા. ૨૦૦ની પ્રભાવના કરવામાં આવે છે.

સુશ્રાવક **સુરેશભાઈ**એ આવનાર યાત્રિકોને પંચતીર્થી કરવા માટે સુંદર માર્ગદર્શન આપી રહ્યા છે.

અહીંથી **તારંગા તીર્થ, વાલમ તીર્થ,** વીસનગરના ૧૦૮ નામમાં **શ્રી કલ્યાણ પાર્શ્વનાથ, શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ,** વિજાપુર વગેરે તીર્થો તથા શ્રી **માણિભદ્રવીરનું** સિદ્ધસ્થાન **આગલોડ,** પ્રભાવવંતુ **મહુડી** તથા પ્રાચીન **વડનગરના** જિનાલયો જુહારવાનો અપૂર્વ લાભ થાય છે.

યાત્રિકોની ભક્તિનો લાભ ભાલકના શ્રેષ્ઠીઓ **શ્રીમતી વીણાબેન સુધીરકુમાર શાહ** - પૂના (નવકારશી) **શ્રીમતી રચનાબેન નિરવકુમાર શાહ** (બપોરનું ભોજન) તથા પ્રભાવના **શ્રી દિલીપભાઈ ભોગીલાલ શાહ** (રૂા.૧૦૦) **શ્રીમતી સુશીલાબેન ભોગીલાલા શાહ** (રૂા.૫૦) **શ્રીમતી પુષ્પાબેન હિંમતલાલ શાહ** (રૂા.૫૦)

પ્રાચીન ભાલક તીર્થે પધારવા સહુ ભાવિકોને આમંત્રણ છે. સંપર્ક : **સુરેશભાઈ - ૯૯૭૪૨૦૦૩૭૮.** ભાલક ગામ વિસનગરથી ૯ કિ.મી. દૂરી પર છે.

# પ્રાચીન ઈડરગઢ તીર્થમાં સાબરકાંઠા વિસ્તારના યુવાનોનું મિલન



RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2024-2026 Issued by SSP Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026

## પર્યુષણ મહાર્વની આરાધના...
## શ્રીસંઘોમાં અષ્ટાહ્નિકા તથા શ્રી કલ્પસૂત્રજીના પ્રવચનો વાંચવા તથા વસાવવા

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.શ્રી હેમરત્નસૂરીશ્વરજી મ.ના
શિષ્યરત્ન પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ. મ. સંકલિત




હિન્દી તથા
ગુજરાતીમાં મળશે.

કિંમત માત્ર
રૂા.૧૨૫.૦૦
પ્રત્યેકના




અમદાવાદ : અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
મફતલાલ : 9429130261

મુંબઈ : માનસમંદિરમ્ ટ્રસ્ટ :
વિપુલભાઈ : 9765781817

માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514